# એપલની ફિલ્મ 'શેરપા તેન્ઝીંગ' નેપાળ માટે પથદર્શક બનશે!

**સારાંશ**

★ વિન્સી મરચન્ટ

તત્કાલ વિકાસ માટે જગત ભવિષ્ય માટેનાં ચોક્કસ, અનિવાર્ય વિનાશ નોતરી રહ્યું છે. દર ચાર-પાંચ વર્ષે યોજાતી ચૂંટણીઓમાં લગભગ દરેક રાજકીય પક્ષોના નેતાઓ, પ્રજાને પ્રત્યક્ષ, નરી આંખે જોઈ શકાય તેવો ડામર, સિમેન્ટ-કોંક્રીટ અને પ્લાસ્ટિકનો વિકાસ બતાવવામાં વ્યસ્ત રહે છે. એ વિકાસથી સુખસગવડો, સાધનો અવશ્ય વધે છે. તે પરિપૂર્ણ કરવા માટે નાણાં જોઈએ. એ નાણાં પણ, જે માર્ગે મળે તે માર્ગે મેળવવામાં આવે છે. દાખલો લઈએ તો સૌરાષ્ટ્રના સાગરકાંઠાઓ અલંગ શિપ-બ્રેકિંગ યાર્ડનો લઈ શકાય. કચ્છના અખાતના કાંઠે બાંધેલા રસાયણોનાં કારખાનાં લઈ શકાય. દુનિયાના કોઈ સુખી દેશો પોતાને ત્યાં જહાજો ભાંગવાનાં, પ્રદૂષણ ફેલાવતો ઉદ્યોગ રાખતા નથી.

આવાં પ્રદૂષણજનક કામો અને ઉદ્યોગો ગોરા જગતે ત્રીજા વિશ્વને માથે મારી રાખ્યા છે. આ રીતે વિકાસની ઉતાવળ અને ઝંખના ગરીબ દેશોને બે રીતે મોંઘી પડે છે. એક, વિકાસ પોતે પ્રદૂષિત અને ઔદ્યોગિક સમાજ પેદા કરે છે અને એ વિકાસ માટેનાં નાણાપ્રાપ્તિ માટે દેશની ભૂગોળ અને હવાને વધુ પ્રદૂષિત કરે એવી પ્રવૃત્તિઓ દેશમાં ચલાવવી પડે છે. દેશમાં સસ્તી વીજળી માટે હિમાલયની તળેટીઓમાં અસંખ્ય હાઈડ્રોપાવર એકમો બાંધવાની છૂટ અપાઈ હતી. તેના પરિણામરૂપે આપણે કેદારનાથમાં અભૂતપૂર્વ હોનારત 2013માં જોઈ હતી. હજી એવાં પરિણામો મળવાનું ચાલુ જ છે. પુરવાર થાય છે કે વિકાસ એ સસ્ટેનેબલ ન હોય, તેની કમીપૂર્તિ ન થઈ શકે તો તે વિનાશક સાબિત થાય છે. ગયા ઓગસ્ટમાં નેપાળને પણ તેનો પરિચય થયો, પરંતુ પૃથ્વી પર પ્રદૂષણ અને ગરમી વધ્યા છે તો તે માટે માત્ર ભારત, નેપાળ કે ત્રીજું ગરીબ વિશ્વ જ તેના માટે જવાબદાર નથી, સૌથી વધુ જવાબદાર વિકસિત દુનિયા છે.

ચીનના ઉદ્યોગો આટલી હદે શા કારણસર વિકસ્યા\R? કારણ કે ઘરઆંગણે ચીજ-વસ્તુઓનું ઉત્પાદન કરીને અમેરિકા પોતાનાં હવા-પાણી\R, ખેતીવાડીને બગાડવા માગતું ન હતું\R. વળી ચીનનો માલ ખૂબ સસ્તો પડ્યો\R. આ બધી પાશ્ચાર્દભૂમિને એપલ સ્ટુડિયોઝ દ્વારા નિર્મિત ફિલ્મ \R'તેનઝીંગ\R' દ્વારા અગ્રભૂમિમાં મૂકવામાં આવી છે\R.

ગયા ઓગસ્ટમાં એક બે હજાર ફૂટ પહોળી\R, કરોડો વર્ષ જૂની બરફની હિમશિલા\R, હિમનદી અથવા ગ્લેશિયરમાંથી\R, ગરમીના પ્રભાવથી છૂટી પડી હતી અને હજારો ફૂટ ઊંડી ખાઈમાં ખાબકી હતી\R. એ શિલા અચાનક ધસમસતા પૂરમાં ફેરવાઈ ગઈ અને લગભગ 1400 જેટલા લોકોને તાણી ગઈ\R, ભરખી ગઈ\R. તેમાં વિદેશી તેમજ ભારતીય\R પ્રવાસીઓ પણ મોટી સંખ્યામાં હતા.

નેપાળના વડા પ્રધાને બાલેન્દ્ર સાહે તાજેતરમાં યુનોની સામાન્ય સભામાં વક્તવ્ય આપ્યું. તેમાં દુનિયાના પ્રતિનિધિઓને જણાવ્યું કે, નેપાળમાં વીજળીનું હેરાન પમાડે એટલી વધુ માત્રામાં વીજળીનું ઉત્પાદન હાઈડ્રોપાવર પ્રોજેક્ટ્સ દ્વારા થાય છે. મતલબ કે નેપાળ દુનિયાના કુલ પ્રદૂષણમાં એક ટકા જેટલો પણ ઉમેરો કરતું નથી. હવામાન પરિવર્તન માટે જવાબદાર ગ્રીન-હાઉસ ગેસ છોડતું નથી." છતાં આવડી હોનારત આવી પડી તેને માત્ર નેપાળ માટે જ નહીં, દુનિયા માટે શોકાંતિકા ગણાવી. એમણે કહ્યું કે આ ઘટના સમગ્ર દુનિયા માટે ચેતવણીરૂપ છે. દરમિયાન આપણે



'શેરપા' ફિલ્મની પાશ્ચાદભૂ જોઈએ. એવરેસ્ટ શિખર પ્રથમ વખત સર કરનાર શેરપા તેનઝિંગ નોરગે હતા. સાથી અને મુખ્ય પર્વતારોહક ગણાતા એડમંડ હિલેરીએ એવરેસ્ટ શિખર ઉપર ઊભેલા જે મનુષ્યની પ્રથમ તસવીર ખેંચી એ તેન્ઝીંગની હતી. જગતના સૌથી ઊંચા શિખર પર બંને 29 મે 1953ના રોજ પહોંચ્યા ત્યારે એડમંડ હિલેરીએ પ્રથમ કાર્ય કર્યું તે શેરપા નોરગેની તસવીર ખેંચવાનું કર્યું હતું. હાથમાં બરફ ખોદવાના તિકમ સાથે શેરપાએ બ્રિટન, ભારત, નેપાળ અને સંયુક્ત રાષ્ટ્રસંઘના ધ્વજો પણ લહેરાવી પકડી રાખ્યા હતા. ત્યારબાદ શેરપા તેન્ઝીંગ અને એમના ઐતિહાસિક કદમોને અનુસરનારા શેરપાઓ પર દુનિયાના કેમેરા ખાસ ફોકસ થયા વધ્યા. હવે છેક ૭૩ (લગભગ) વર્ષ બાદ મિસ જેનિફર પિદોમના દિગ્દર્શનમાં એપલની 'શેરપા'નું નિર્માણ થયું છે. આ ફિલ્મમાં નોરગે તેન્ઝીંગનું પાત્ર કેન્દ્રમાં છે જેમાં આ નેપાલીઝ-ભારતીય પર્વતારોહકની અપ્રતિમ જીવનીને રૂપેરી પરદે વાચા મળી છે. જેનિફર કહે છે કે; 'તેન્ઝીંગની કથા એક અવગણવામાં આવેલા એક અસાધારણ, અલ્ટીમેટ સાહસની કથા છે જેને ઈતિહાસમાં હાસિયામાં ધકેલી દેવાઈ હતી.' તે માટેનું કારણ જેનિફર આપે છે. એ કહે છે કે; આપણી કલ્પનાઓ, આપણા વિચારોમાં એવરેસ્ટ શિખર એટલું છવાઈ ગયું છે કે માનવી સિદ્ધિનું આઈકોન અથવા પ્રતીક બની ગયું. ત્યાં પ્રથમ વખત પહોંચનાર સાહસિકની કથા બાજુમાં ધકેલાઈ ગઈ.'

તેન્ઝીંગ ફિલ્મ હાલમાં એપલ ટીવી પર સ્ટ્રીમ થઈ રહી છે. તેન્ઝીંગ અને એડમંડ હિલેરી બંને નેપાળ અને એવરેસ્ટ માટે વિદેશી આઉટસાઈડરો હતા. તેન્ઝીંગ નોરગેનો જન્મ તિબેટમાં થયો હતો અને બાદમાં એ નેપાળના 'ખુમ્બુ' પ્રદેશમાં વસવા આવી ગયા હતા. ખુમ્બુમાં એ સમયે કર્નલ જ્હોન હન્ટની આગેવાનીમાં બ્રિટિશ પર્વતારોહણની તૈયારીઓ ચાલી રહી હતી.

ફિલ્મમાં પર્વતારોહણની ગતિવિધિ દર્શાવાઈ છે. જે જીવનકથા દર્શાવે છે તેમાં ભારોભાર સચોટતા અને અસાધારણ સત્ય છે. ફિલ્મના એક્ઝિક્યુટિવ પ્રોડ્યુસર તરીકે ખુદ તેન્ઝીંગના પુત્ર નોરબુ તેન્ઝીંગ છે. ફિલ્મના સાંસ્કૃતિક સલાહકારો તરીકે ડૉ. પાસંગ નોરબુ શેરપા અને ડૉ. નિમા નામગ્યાલ શેરપા હતા. ફિલ્મમાં જે જે શેરપાઓ બતાવાયા છે તેઓ પર્વતારોહણ કરનાર શેરપા કુળના સાચા શેરપાઓ છે. તેન્ઝીન્ગ નોરગેની મુખ્ય ભૂમિકામાં તિબેટીઅન વંશના ચાઈનીઝ એક્ટર ગૅન્ડેન ફૂનશોક છે. અગાઉ તિબેટીઅન ફિલ્મકાર પેમા શેદેને બે પ્રશંસનીય ફિલ્મોનું નિર્માણ કર્યું હતું તેમાં ફૂનશોકની મુખ્ય ભૂમિકાઓ હતી. જેનું નિર્માણ તિબેટમાં થયું હતું, પરંતુ તેન્ઝીંગ એ ફૂનશોકની પ્રથમ હોલીવુડ ફિલ્મ છે. વર્ષ ૨૦૧૫માં જેનિફરે 'શેરપા' ફિલ્મનું નિર્માણ કર્યું હતું તેની કથા શેરપા ફૂરબા તાશીના જીવન પર આધારિત હતી. તે ભૂમિકાની તૈયારી રૂપે ફૂનશોક ફૂરબા તાશી સાથે દસ દિવસ માટે રહેવા ગયો હતો. ફૂનશોક કહે છે, 'તમે ફૂરબાના ગામના પર્વતો પર હો ત્યાં દરેક જગ્યાએથી એવરેસ્ટ દેખાય છે. ગામનાં તમામ લોકો મારા પ્રત્યે ખૂબ સ્નેહભાવ રાખતા હતા, કારણ કે તેન્ઝીંગ નોરગે તેઓના નાયક છે.

ફિલ્મમાં એડમંડ હિલેરીનું પાત્ર એક્ટર ટોમ હિડલસ્ટોન ભજવે છે. એ સહાયકની ભૂમિકા છે, છતાં મૂળ ન્યુઝીલેન્ડના આ પર્વતારોહક એડમંડ હિલેરીનું પાત્ર એમણે એટલી ખુબીથી ભજવ્યું છે કે તેને સહાયક કે પૂરક પાત્ર કહી ન શકાય. ફિલ્મ 'તેન્ઝીંગ'માં અનેકવિધ સંસ્કૃતિનો મિલાપ જોવા મળે છે, પરંતુ કેન્દ્રમાં તેન્ઝીન્ગ અને હિલેરીની અકંપ દોસ્તી છે જે એવરેસ્ટની નૈઋત્યની ધાર પર શરૂ થઈ હતી અને જિંદગીના શિખર સુધી પહોંચી હતી. ફૂનશોક અને હિડલસ્ટોન બંને માટે આ ફિલ્મ એક સુંદર પાર્ટનરશીપ બની ગઈ.

**ચીનના ઉદ્યોગો આટલી હદે શા કારણસર વિકસ્યા? કારણ કે ઘરઆંગણે ચીજ-વસ્તુઓનું ઉત્પાદન કરીને અમેરિકા પોતાનાં હવા-પાણી, ખેતીવાડીને બગાડવા માગતું ન હતું**

હિડલ્સ હિડલસ્ટોન કહે છે કે, 'મેં અને ફૂનશોક બંનેએ એક જ સમયગાળામાં એવરેસ્ટ શિખર પ્રથમવાર જોયું હતું. જેનિફરનો આગ્રહ હતો કે હું અને ફૂનશોક શક્ય હોય ત્યાં સુધી એક સાથે બેઝ કેમ્પ તરફ ચાલીને જઈએ.' ઓસ્ટ્રેલિયન દિગ્દર્શિકા જેનિફર માટે આ પ્રદેશ જાણીતો હતો. કારણ કે શેરપાઓનાં જીવન પર એણે ડોક્યુમેન્ટરી ફિલ્મો તૈયાર કરવા માટે, તેમ જ, ફિલ્મ શેરપાના નિર્માણ માટે જિંદગીનો મોટો ભાગ આ પ્રદેશમાં જ વિતાવ્યો છે. શેરપા ફિલ્મમાં ખુમ્બુમાં બરફવર્ષાને કારણે ૧૬ નેપાળી પહાડી મજૂરો માર્યા ગયા હતા તેની કહાની છે. જેનિફરને ત્યારે માલૂમ પડ્યું કે શેરપાઓ કે તેન્ઝીંગ બાબતે ખાસ કોઈ ડોક્યુમેન્ટરીઓ કે ફિલ્મો બની ન હતી.

તેન્ઝીંગમાં શિખર પરની ચડાઈને એક દુર્ગમ શિખર પર સર કરવાના સાહસ તરીકે તો દર્શાવવામાં આવ્યું છે પણ વધુ તો તેને આધ્યાત્મિક જીત ગણાવવામાં આવી છે. પ્રચંડ આધ્યાત્મિક મનોબળની જીત. એવરેસ્ટ શિખરને તિબેટીઅન ભાષામાં 'ચોમોલુંગ્મા' કહે છે. અને નોરગે તેન્ઝીંગ માટે શિખર સર કરવું તે આધ્યાત્મિક અનુભવ હતો. તિબેટી મૂળના ફૂનશોક માટે પણ આ એક આધ્યાત્મિક અવરોહ પુરવાર થયો છે. એ કહે છે; 'અમારી સંસ્કૃતિમાં આ એક પવિત્ર પર્વત શિખર છે." હિડલસ્ટોન કહે છે કે, 'પર્વતો પ્રત્યે તેન્ઝીંગનો જે આધ્યાત્મિક અનુભવ હતો તેમાંથી આપણે ઘણું શીખવાનું રહે છે. પર્વતારોહણ એ ભક્તિ અને પ્રાર્થના છે, ચડાઈ નથી. શેરપાઓ અને તેન્ઝીંગ માટે આ શિખર દેવ સમાન છે. એની નજીકમાં હોઈએ ત્યારે એની ભવ્યતા સામે નમ્રતાથી મસ્તક ઝૂકી જાય છે.' ફિલ્મમાં નેપાળની ભૂગોલીય અને સાંસ્કૃતિક સુંદરતાને રજૂ કરાઈ છે તેની દુનિયા નોંધ લઈ રહી છે, પણ પર્વતારોહણની પ્રવૃતિ પર હવે પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે. જેનિફરે અનેક લોકેમંચો સહિત અનેક મંચો પર ફિલ્મ દર્શાવી છે અને નેપાળમાં તાજેતરમાં જે ટ્રેજેડી ઘટી તેની લોકોને યાદ અપાવે છે. એ કહે છે કે હજુ આવી શોકાંતિકાઓ ઘટતી રહેશે.

'એ પર્વતો, પર્વતો પરનો બરફ હવે ઘસી રહ્યા છે. એકલા નેપાળમાં જ પંદર હજાર હિમનદીઓ છે અને તેમાંની પંદર સો નદીઓ સાથે હિમસરોવરો જોડાયેલાં છે. જ્યારે એ તૂટી પડશે ત્યારે આ પ્રકારની વધુ અને વધુ ભયંકર હોનારતો સર્જાતી રહેશે.' આ જેનિફરનું કહેવું છે. દર વર્ષે એવરેસ્ટ સર કરવા માગતા આરોહકોની સંખ્યા વધતી રહે છે. અને તિબેટના માર્ગેથી એવરેસ્ટ આરોહણ પર પ્રતિબંધ મૂક્યો છે ત્યારબાદ નેપાળ તરફથી ચડવા માગતા લોકોની સંખ્યા વધી ગઈ છે.

પર્વતારોહકોના ગાઈડ કામી રિતા શેરપા ત્રીસ વખત એવરેસ્ટ પર જઈ આવ્યા છે, ગયા મે મહિનામાં એમણે નેપાળ સરકારને આરોહકોના અવિરત પ્રવાહ પર પ્રતિબંધ મૂકવાની માગણી કરી છે, ગયા મે મહિનામાં એક જ દિવસમાં, વિક્રમસર્જક સંખ્યામાં, ૨૭૪ પર્વતારોહકો એવરેસ્ટ શિખર પર પહોંચ્યા હતા. માત્ર એક જ દિવસમાં. તેઓ ત્યાં પ્રદૂષણ ફેલાવે છે, કચરો વેરે છે. પરંતુ નેપાળની સરકારને વિદેશી ચલણમાં તત્કાળ આવક થાય છે તેથી કાયમની નુકસાની વેઠાવે છે. ચીનાને હવે એવી આવક જોઈતી નથી તેથી પ્રતિબંધ મૂકી દીધો છે.